## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

એવો કોઇ દિલદાર જગતમાં નજર આવે ;
આપી દે મદદ કિંતુ ન લાચાર બનાવે.
હમદર્દ બની જાય જરા સાથમાં આવે ;
આ શું કે બધા દૂરથી રસ્તા જ બતાવે !
એ સૌથી વધુ ઉચ્ચ તબક્કો છે મિલનનો,
કહેવાનું ઘણું હો ને કશું યાદ ન આવે.
રડવાની જરૂરત પડે ત્યાં સૂકાં નયન હો,
ને હસતો રહું ત્યાં જ જ્યાં હસવું નહિ આવે.

- મરીઝ.

### પાથેય

- રમેશ ઠક્કર

## દુર્લભ દિલદાર...!

આખું જગત વ્યવહાર ઉપર ચાલે છે..એનું ચાલકબળ સ્વાર્થ છે..એક માણસ બીજા માણસને ફકત ઉપયોગિતાની રીતે જ જુએ છે.અને એ આધારે જ એનું મૂલ્યાંકન થતું રહે છે..આપણે જેને સગાં માનીએ છીએ એ પણ આ રીતે જ વર્તે છે..આપણે જેને મિત્રો કે આપ્તજન ગણી નિઃસ્વાર્થ લાગણીઓની અપેક્ષા રાખીએ છીએ એ હંમેશાં ઠગારી નીવડતી રહે છે..લોકો આપણને જે કંઈ આપે છે એની પાછળ એનો ઉદ્દેશ કશુંક પરત મેળવવાનો પણ હોય છે..લાલો કદી લાભ વગર લોટતો હોતો નથી ! આપણે તો ઘરના દરવાજે પણ લાભ અને શુભ કોતરાવતા રહીએ છીએ..કોઈપણ પ્રકારની અપેક્ષા વગર સંબંધ રાખનાર મળે એ લગભગ અશક્ય જેવી વાત છે..અને એટલે જ આપણે ભગવાન પાસે માગતા રહીએ છીએ કે મને એવા માણસની મદદ અપાવજે કે એ બદલામાં કશું માગે નહીં! અલબત્ત આ આપણી એક અતૃપ્ત ઈચ્છા જ છે ! એવી કોઈ દિલદાર મળવો દુર્લભ હોય છે..

આપણી મુસીબત કે તકલીફ સમયે આપણી આસપાસ તો ઘણા લોકો આવી જતા હોય છે..પણ એમાં ટોળે વળી જવાનો ભાવ હોય છે..એમાં આપણી કારણ જાણવાની તાલાવેલી વધારે અને સહાનુભૂતિ ઓછી હોય છે..લોકો બહારથી મિલનસાર લાગે પણ અંદરથી અલગ હોય છે..હમદર્દ બની તમને રસ્તો જરૂર બતાવે પણ તમારી સાથે ચાલે એવો એક પણ માણસ ના મળે ! સંસ્કૃતમાં એક સરસ સુભાષિત છે..એમાં પ્રશ્ન પુછાય છે કે મુસીબતના સમયમાં માણસનો સાચો સગો કોણ ? એનો જવાબ છે ઘરનો ખૂણો ! જીવનનો સાચો સાર કેવળ બે પંકિતઓમાં સમાઇ ગયો છે !

માણસ જેમ દુઃખમાં ડઘાઈ જાય છે એમ કયારેક સુખમાં ગળગળો થઈ જાય છે..એના હદયમાં અનેક પ્રકારની ઉર્મિઓ ઉભરાતી હોય છે..એ મોકો મળે એની રાહ જોતો હોય છે..વિરહને એ વસમો બનાવી સહન કરી લે છે..અને જયારે મનગમતી કોઇ વ્યકિત કે પ્રસંગ સામે આવી જાય ત્યારે એ અવાચક થઈ જાય છે..એને ઘણું કહેવું હોય છે પણ પ્રાપ્તિની અનુભૂતિ જ જાણે કાફી થઈ જાય છે !

આપણું મન પણ બહુ વિચિત્ર છે.કહેવાનું ઘણું હોય પણ અણીના સમયે જ યાદ ના આવે..એ જ રીતે જયારે રડવાનો પ્રસંગ હોય ત્યાં જ આંસુ સૂકાઈ જતા હોય એવું લાગે..અને આનંદનો અવસર આવે ત્યારે ચહેરા ઉપર હાસ્ય ગાયબ થઈ જાય..આ વિડંબના એ જ જાણે માણસની નિયતી બની જાય છે !

# ભારત એના નાગરિકોની મોટા પાયે નિકાસ કરી રહ્યું છે

**તંત્રીસ્થાનેથી...**

સંસદના ચોમાસું સત્રમાં બહુજન સમાજ પાર્ટીના મુસ્લિમ સાંસદ હાજી ફઝલુર રહેમાનના પ્રશ્નના જવાબમાં કેન્દ્ર સરકારે જણાવ્યું છે કે છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન ત્રણ લાખ બાણું હજાર છસો તેંતાળીસ ભારતીયોએ દેશનું નાગરિકત્વ છોડી અમેરિકા, કેનેડા કે અન્ય દેશોનું નાગરિકત્વ સ્વીકાર્યું છે. સૌથી વધુ આકર્ષણ અમેરિકાનું રહ્યું છે. એક લાખ સિત્તેર હજાર લોકો અમેરિકન સિટીઝન બની ગયા છે. ચોસઠ હજાર કેનેડાના નાગરિક બન્યા છે. ત્રણ વર્ષમાં નાગરિકત્વ છોડનારાઓની દૈનિક સરેરાશ ૩૫૮ રહી છે પણ એકલા ૨૦૨૧ની વાત કરીએ તો રોજેરોજ ૪૪૭ નાગરિકો ભારતનું નાગરિકત્વ છોડતા રહ્યા છે. ભારત સરકાર 'મેક ઈન ઈન્ડિયા' અને 'સ્ટાર્ટ અપ' જેવા ઈનોવેટિવ કાર્યક્રમો ચલાવતી હોવા છતાં નાગરિકોનું પલાયન ઘટ્યું નથી, બલકે વરસોવરસ વધતું રહ્યુ છે. વળી એમાં અમેરિકા-કેનેડા - ઓસ્ટ્રેલિયા કે યુકે ઉપરાંત પણ કુલ ૧૨૦ જેટલા દેશો છે જયાં ભારતીય મૂળના નાગરિકોએ વસી જવાનું પસંદ કર્યું છે. કૂદકે ને ભૂસકે વધી રહેલી વસતિવાળા આપણા દેશની સમસ્યા ફક્ત વસતિ વધારો છે એવા ભ્રમમાં રહેવાની જરૂર નથી. એ સમસ્યા તો આદિઅનાદિથી છે કારણ કે અહીંની આબોહવા જ વધુ બાળકો પેદા કરવા માટે અનુકૂળ છે. ગરીબ વસતિ માટે સેક્સ એ જ સૌથી સસ્તું અને હાથવગું મનોરંજન છે. સરકારે નિયંત્રણો મૂક્યાં અને વળી ઓછાં કર્યા. ફેમિલી પ્લાનિંગની ઝુંબેશ કાળક્રમે ઠંડી પડી ગઈ છે અને લોકો પોતે જ પોતાના પરિવારનું ધ્યાન રાખતા થયા છે. ગરીબો વધુ બાળકો પેદા કરીને પસ્તાતા નથી. જેટલા વધારે હાથ એટલી વધુ કમાણી - એ સૂત્ર એમને અનુકૂળ આવી ગયું છે. જો કે ભારત કરતાં ખાડીના દેશોથી લઈ અમેરિકા - કેનેડા - ઓસ્ટ્રેલિયામાં વધારે કમાઈ શકાય છે એટલે ભારત છોડી વિદેશોમાં વસનારાઓમાં ફક્ત બૌદ્ધિકો નથી, શ્રમિકોનો મોટો કાફલો પણ સતત એ સમૃદ્ધ દેશો ભણી કૂચ કરતો રહ્યો છે. ભારતમાં રોજગારીની તકો ઓછી છે, ભ્રષ્ટાચાર વધારે છે અને કાર્યદક્ષતાની કદર નથી - એટલે અહીંથી બેકાર યુવાનોથી લઈ તજજ્ઞો અને ઈમાનદાર લોકો વિદેશ જવા ઉત્સુક રહે છે. દેશ તરફ કૂણી લાગણી ધરાવતા હોઈ 'વિદેશી' બની ગયેલા સમૃદ્ધ ભારતીયો દેશની આર્થિક સ્થિતિ મજબૂત કરવામાં અને વિકાસ કાર્યોમાં મદદરુપ થવામાં પણ ફાળો આપતા રહ્યા છે. બીજો એક સમુદાય નવા શાસન-પ્રશાસન હેઠળ પોતાની સલામતીના મુદ્દે શંકાશીલ બની ગયો હોઈ વિદેશ તરફ નજર કરી રહ્યો છે. લઘુમતીઓને 'હિંદુત્વ'નો જબરો ડર પેસી ગયો છે. એક એવો ધનકુબેરોનો વર્ગ પણ છે જે એનું મૂડી રોકાણ વિદેશોમાં કરવા પ્રેરાય છે. ભારતમાં રહેવું એટલે રોગચાળા અને ગંદગી વચ્ચે રહેવું, પ્રદૂષણથી જીવનનાં વર્ષો ઓછા કરવાં -એવી એક માન્યતા દઢીભૂત થઈ રહી છે. એટલે 'રાષ્ટ્રવાદ'ના નામે ચૂંટાતી સરકારનું સમર્થન કરનારા પણ દેશ કરતાં વિદેશમાં વસવાનું વધારે પસંદ કરે છે. ભારત કયારેક વિશ્વની અન્ય પ્રજાઓને આકર્ષતી ભૂમિ હતી. અનેક પ્રજાઓ જુદા જુદા સમયે આપણા દેશમાં આવી અને અહીંની મૂળ પ્રજા સાથે એકાકાર બની ગઈ. કેટલીક શક્તિશાળી પ્રજાઓ એમનો ધર્મ પણ સાથે લેતી આવી અને અહીં એનો વિસ્તાર કર્યો. દેશમાં હવે બહારથી આવનારા લોકો ઘુસણખોરી કરીને આવે છે. બાંગ્લાદેશ કે અન્ય પાડોશી ગરીબ દેશોના લોકો અહીં વધુ સારી જિંદગીની અપેક્ષાએ આવે છે જયારે દેશના લોકો અમેરિકા જેવા સમૃદ્ધ દેશોમાં વધુ સારી જીવનશૈલી સાથે જીવવા દોટ મૂકી રહ્યા છે. ચીનના ઉદ્યોગપતિઓ સરકારની મંજૂરી વગર બીજા દેશોમાં રોકાણ કરી શકતા નથી. ભારતમાં કોઈ પ્રતિબંધ નથી. અહીંની બેંકો લૂંટીને ધનકુબેરો મોજથી વિદેશી નાગરિકત્વ લઈ સલામત બની જાય છે !

# 'પ્રેમ' કેવળ જિંદગીનો મર્મ છે, એથી ઊંચો બીજો કયાં કોઈ ધર્મ છે



**લાગણીનો મેળો**
રસિક વાળંદ

ઘૂંટ પી જઈશ મને પ્રેમ કર
હું બચી જઈશ મને પ્રેમ કર....!
બધા વેદ-ગ્રંથ-પુરાણ સૌ
હું કળી જઈશ મને પ્રેમ કર....!
છું તૂટી જવાની અણી પર
હું ટકી જઈશ મને પ્રેમ કર....!

●●●

એક વાચક દોસ્તે યાદ દેવડાવ્યું, 'સાહેબ, પૈસો, પ્રેમ અને પાણીથી આજનો માણસ તરસ્યો કેમ ?' પૈસાની પહેચાન તો આપે ખુબ સારી આપી હવે પ્રેમ અને પાણી વિશે તો લખો...'

પ્રેમ, મહોબ્બત, પ્રીતિ.... આ શબ્દોને આપણે બહુ મોટો અન્યાય કરતા રહ્યા છીએ. પ્રેમ તો હૈયાની નિર્મળ - પવિત્ર ભાવના છે, એને 'મોહ'નો પર્યાય બનાવી દીધો. અરે, 'કામ' અને પ્રેમને સમાનાર્થી બનાવી એક તાંતણે ગૂંથી દીધા છે.

મિત્રો, પૈસો અને પ્રેમ જીવનમાં અત્યાવશ્યક છે જ. જયારે માનવીને પૈસાની જરૂર હોય ત્યારે તેને પ્રેમ પૂરી નથી કરી શકતો અને પ્રેમની જરૂર હોય ત્યારે પૈસા તેની ખોટ પુરી નથી કરી શકતો. બંને જીવનના પ્રાણતત્વ છે... ચાલકબળ છે...

પ્રેમ તો એક અનુભૂતિ છે. એ અભિવ્યક્તિ તો ત્યારે જ થાય જયારે કોઈના પર ઢોળવામાં આવે... 'હું દુઃખી છું એનું દુઃખ નથી પણ બીજો સુખી છે એનું દુઃખ છે.' - આ બાબત જ સાબિત કરે છે કે જે પ્રેમ વિહોણો છે એના હૈયામાં જ ઈર્ષ્યા, અદેખાઈની જલન હોય છે. આપણે નફરતની ભાષા જેટલી જલદી શીખી શક્યા હોઈએ છીએ એટલી પ્રેમની ભાષા જલદી શીખી શક્યા નથી.

પ્રેમની પરિભાષા તો બાળક પાસેથી શીખવા મળે... કોઈ ભૂલકાંને ડોળો કાઢીને રમાડી શકાય ખરું ?! એ તો એક માત્ર પ્રેમની ભાષા જ સમજે છે. માણસ લાગણી ભૂખ્યો છે. એને આત્મીયતા જોઈએ છે... સાથ સંગાથ જોઈએ છે. હૈયાની વાત કહેવા અને સાંભળવા કોઈક 'પોતીકું' હોય એમ ઈચ્છે છે. પ્રેમ તો કુદરતનો મહામૂલો ઉપહાર છે... એટલે જ કબીર કહે છે કે જે હૈયામાં પ્રેમ નથી એ સ્મશાન છે. પ્રત્યેક જીવ સાચો પ્રેમ પ્રાપ્ત કરવા ઝંખતો જ હોય છે. ઉરતૃષ્ણાને ઠારવી છે.... પ્રેમવારિ જ ઉરતૃષ્ણાને ઠારી શકે પ... ણ.. એવો પ્રેમ પ્રાપ્ત થાય તો જ... પ્રેમને પામવા પ્રેમને યોગ્ય બનવું પડે. સાચા પ્રેમી પુરવાર થવું પડે.... જેનામાં ત્યાગ,સમર્પણ, સરળતા, નિર્દોષતા, ક્ષમાવૃત્તિ, સહિષ્ણુતા, આત્મીયતાને શ્રદ્ધાનો ગુણ હોય તે જ સાચો પ્રેમી... આસક્તિ તો ચંચળ હોય... 'કામ' પૂરતી હોય.... મોહગ્રસ્તોની તૃષા તો વાસના - તૃપ્તિ સુધી જ હોય છે... વાસનામાં 'ભોગ' હોય પણ પ્રેમમાં 'ત્યાગ' હોય... કોઈકે લખ્યું છે, 'પ્રેમનો મુખ્ય ધર્મ છે, સ્વાર્થરહિત બનવું.' પ્રેમ તો પંડને ભૂલી પ્રિય પાત્રની પ્રાપ્તિ માટે ઉન્મત રહે છે. સાચો પ્રેમ વ્યક્તિ પૂરતો સીમિત ન હોય એ તો વિશ્વવ્યાપી બને છે. સર્વ જીવોને ચાહવાની ચાહતમાં તડપે છે, એટલે જ શાયર 'મીર' કહે છે, 'કાબે જાને સે નહીં કુશ શેખ, મુઝ કો ઈતના શૌક,
રાહ બતા દે કિ મેં દિલ મેં કિસી કે ઘર કરું.'

દોસ્તો,પ્રેમ એક ઊંઝણ - લ્યુબ્રિકન્ટ છે. એના વગર જિંદગી ખોરવાય... ખોડંગાય... આ પૃથ્વી લોક પર તો સાક્ષેપદાનો કાયદો નિરપવાદ કામ કર્યે જાય છે... આપે એ પાછું મળે... આપણે તો લેવાનું શીખ્યા છીએ આપવાનું તો અઘરું પડે છે....!! આપણે તો ઠાવકા મોંઢાથી ને બનાવટી સ્મિતથી પ્રેમ પામવા મથીએ છીએ...

મિત્રો એક વાત સમજવા જેવી આપણે સૌ ધર્મપ્રેમીઓ ધર્મને પ્રેમ કરનારા પણ પ્રેમને ધર્મ માનનારા ખરાં ? ભક્તિ પણ ભય અને લાલચથી કરીએ છીએ... કો'ક દિ' ભાવથી ભીંજાયા ખરાં ? જીવ-પંડને પ્રેમ કરો તો જગત ગમવા લાગશે ને જગદીશનું સરનામું સહજ લાગશે... આપણે ત્યાં પ્રેમલક્ષણા ભક્તિને બહુ મોટું મૂલ્ય છે.

અરે, એક મુઠ્ઠી જેવડું હૈયું પહાડ જેવા પહેલવાનને પીગાળી દે એ છે પ્રેમની તાકાત !

કવિશ્રી સુરેશ દલાલ તો એમ કહે છે ; 'રાત-દિવસનો રસ્તો વ્હાલમ નહીં તો ખુટે કેમ ?
તમે કરજો પ્રેમની વાતો, અમે કરીશું પ્રેમ.'

એક ડૉકટર મિત્ર કહેતા, 'પ્રેમ આપણને બીમાર કરે છે અને તાજામાજા પણ કરે છે. પ્રેમ આપણને દુઃખી કરે છે અને ખુશીથી ભરી પણ દે છે. જો પ્રેમ દવા હોત તો, દરેક ડૉકટર પોતાના દર્દીઓને એ જ દવા આપત.' પણ વાસ્તવ એ છે કે આજનો માણસ સાવ લુખો... સૂકો.... ને બચ્છટ... સહકાર રુપે ... ક્ષમા રૂપે કે સમર્પણ રુપે પ્રેમનો છાંટોય દેખાય ખરો ?!!

કવિ કાગ તો 'આવકારો મીઠો' આપવાનું કહે છે... પ્રેમ વગર તો કયાંક રોકાવું પણ આપણને ગમતું નથી....

અનુસંધાન પાના નં. ૭ પર

### દિન મહિમા

- ઉમાશંકર જોષીની જન્મ જયંતિ, ગુજરાતી સાહિત્યકાર અને લેખક
- શંકરસિંહ વાઘેલાનો જન્મ દિવસ, રાજકારણી અને ગુજરાતના ૧૨મા મુખ્યમંત્રી

### આજનું ઔષધ

- ગરોળી કરડે તો સરસિયાનું તેલ અને રાખ મેળવીને ચોપડવાથી ઝેર ઉતરે છે

### ખડખડાટ

- રમણ કાકા : દીકરાના લગ્ન નક્કી કર્યા
ચુની કાકા : માણસો કેવા છે ?
રમણ કાકા : આપણાં જેવા જ...
ચુની કાકા : તોય કર્યું... ?

### આજનું વોટ્સએપ

- કાલ માટે સૌથી સારી તૈયારી એ જ છે કે, આજે સારું કરો...

# આખિર ઈસ દર્દ કી દવા ક્યા હૈ



**સ-રસ**
મમતા બુચ

"આખિર ઈસ દર્દકી દવા ક્યા હૈ....." સંગમ હાથમાં શરાબનો ગ્લાસ લઈને ગાઈ તો રહ્યો હતો પણ એને પણ ખબર હતી કે એના દર્દની કોઈ દવા જ નથી. કારણકે દવા તો એટલા માઈલો દૂર ચાલી ગઈ હતી કે ત્યાં સુધી પહોંચવું જ સંગમ માટે અશક્ય હતું.

છલકાઈ રહેલા ગ્લાસમાં સંગમે નજર નાખી. ફરી એક વાર જૂલીનો ઉપહાસ કરતો ચહેરો એને એમાં દેખાયો. "છટ્.....બેવફા, મને બરબાદ કરીને જતી રહી. હમણાં થોડા સમય પહેલાં તો જેને "મારી જુલિયટ" કહેતાં મારા દિલમાં એકસામટી કેટલીય ઘંટડીઓ રણઝણી ઉઠતી હતી ને એ સાંભળતાં એના ગોરા ગાલોનાં ખંજન ખીલી ઉઠતાં હતાં એ મને એક સેકંડમાં છોડીને પરદેશ ઊડી ગઈ."

કેવા રંગીન એ દિવસો હતા અને કેવી સપનાંભરી એ રાતો હતી! જૂલી સાથે એની પહેલી મુલાકાત કોલેજમાં યોજાઈ રહેલી ડિબેટની સ્પર્ધા વખતે થઈ હતી. સંગમ તો વર્ષોથી આવી સ્પર્ધાઓમાં ભાગ લેતો હતો. પણ એ બધી મોટા ભાગે વકતૃત્વ સ્પર્ધાઓ હતી. જ્યારે ડિબેટ આ વખતે જ કોલેજમાં યોજાઈ રહી હતી.

એ જ્યારે સ્પર્ધામાં નામ લખાવવા ગયો ત્યારે ત્યાં દસ-બાર વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ ઊભેલાં હતાં. એણે ડોકું ખેંચીને નામ નોંધી રહેલા અધ્યાપકને પોતાનું નામ કહ્યું ત્યારે અધ્યાપકે સસ્મિત જવાબ આપ્યો હતો, "તારું નામ તો અમે સૌથી પહેલાં તને પૂછ્યા વગર લખી નાખ્યું છે. હવે ફક્ત તારી પાર્ટનર....." અધ્યાપકની વાત પૂરી થાય એ પહેલાં સૌથી આગળ ઊભેલી છોકરી ઉતાવળે બોલી ઊઠી, "સર, મારે પણ નામ નોંધાવવાનું છે." સર બોલ્યા, "તું ટીમ બનાવીને આવી છે?" છોકરી બોલી ઊઠી, "સર, મારે સ્પોર્ટ્સમાં નહીં, ડિબેટમાં નામ લખાવવાનું છે." ત્યાં ઊભેલાં બધાં હસી પડ્યાં, સર પણ. એ બોલ્યા, "હા, હા, હું એની જ વાત કરું છું, બેટા. ડિબેટમાં બે જણાં જોઈએ." છોકરી ઝંખવાણી પડી ગઈ. સર બોલ્યા, "વાંધો નહીં. જો કોઈ તારી સાથે ન હોય તો આ સંગમને પૂછી લે." છોકરી સંગમ તરફ ફરી, "તમને વાંધો ન હોય તો મારા પાર્ટનર બનશો?"

હવે સંગમે એ છોકરીને ધ્યાનથી જોઈ. સુંદર, સપ્રમાણ શરીર અને ગોરો વાન ધરાવતી એ છોકરીને જોઈને સંગમને જવાબ આપવાનું મન થયું, "તમારા પાર્ટનર બનવામાં જેને વાંધો હોય એના મગજનો, સોરી, દિલનો એક્સ-રે કાઢવો પડે!" પણ એણે કહ્યું, "યસ, વ્હાય નોટ?" પછી તો રોજની સ્પર્ધાની તૈયારીઓ, ચર્ચાઓ અને સાથે વીતતા સમયે બે યુવાન હૈયાંઓને એટલાં નજીક લાવી દીધાં કે હવે કોલેજમાં દરેક સ્પર્ધામાં જ નહીં, દરેક સેકંડે બંને એકબીજાની સાથે જ દેખાવા લાગ્યાં. બધાંને મોંઢે એમની વાતો જ ચર્ચાવા લાગી. પણ સંગમ અને જૂલીને એની પરવા નહોતી. ભાવિ જીવન સુખેથી જાય એટલા માટે સંગમે એક આછી-પાતળી નોકરી પણ શોધી કાઢી હતી.

અને અચાનક જ એક દિવસ જૂલીએ સંગમની આગળ ધડાકો કર્યો, "સંગમ, આઈ એમ ગેટિંગ મેરીડ." સંગમ સ્તબ્ધ રહી ગયો. પહેલાં તો એને થયું કે જૂલી મજાક કરી રહી છે. પણ જ્યારે એના પ્રશ્નોનાં જૂલીએ સટાસટ જવાબ આપ્યા ત્યારે એને ખ્યાલ આવ્યો કે જૂલી ડિબેટમાં એનાથી ઘણી આગળ નીકળી ગઈ છે. જે જૂલીને એણે હરીફાઈમાં બોલતાં શીખવાડયું હતું એ જૂલી એને હોંશિયારીમાં ઘણો પાછળ છોડી ચૂકી હતી.

સંગમના ભાવુક સ્વરે પૂછાયેલા પ્રશ્નોનો જૂલી પાસે એક જ ઉત્તર હતો- બ્રિજેશ અમેરીકામાં વસતો દિલચસ્પ યુવાન છેઅને જિંદગી એ ડિબેટની હરીફાઈમાં જીતવાનું નહીં પણ "પ્રેક્ટિકલ ડીસીઝન" લઈને આગળ વધવાનું નામ છે.

સંગમનો સપનાંનો મહેલ એક જ ક્ષણમાં ધરાશાયી થઈ ગયો. અને જ્યારે જૂલીએ પોતે એના ઘરે આવીને જાણે કંઈ થયું જ ન હોય એમ પોતાની કંકોત્રી આપી ત્યારે સંવેદનશીલ સંગમ એ સહન ન કરી શક્યો. જૂલીનું ઘર એના ઘરની નજીક જ હતું. એટલે એના લગ્નની શરણાઈના સૂરો એને સાંભળવા ન પડે એટલે એણે મા-બાપનું ઘર પણ છોડી દીધું.

અને હવે એ અહીં ફ્લેટમાં ભાડે રહેવા આવ્યો હતો. મા-બાપના લાખ મનાવવા છતાં ન તો એ પોતાના ઘરે પાછો ફર્યો કે ન તો એના ફ્લેટમાં એણે કોઈને પ્રવેશ આપ્યો. મિત્રો, સગા-સંબંધી -બધાંના એને સમજાવવાના પ્રયત્નો વ્યર્થ નીવડ્યા હતા. હવે એ, એનો જામ અને જૂલીની યાદો- આટલું જ એની એકાકી દુનિયામાં બચ્યું હતું. શરાબની લતે ચડી ગયેલો સંગમ ચોરી-છૂપીથી ક્યાંકથી શરાબનો બંદોબસ્ત કરી લેતો હતો.

પણ થોડા દિવસથી એ એની બાલ્કનીની બાજુમાં જે ફ્લેટની બાલ્કની પડતી હતી ત્યાં એક નવા રહેવા આવેલા યુવાનને જોતો હતો. કપડાં પરથી કોઈ ફૌજી લાગતો હતો. સંગમના મનમાં વિચાર ઝબક્યો. આની સાથે મિત્રતા કેળવીને "પીવા"નો બંદોબસ્ત થઈ શકે. એને તો લિકર મળતો હશે જ. રોજ સાંજે એ યુવાન ક્યાંક બહાર જતો રહેતો હતો. બે કલાક પછી એ પાછો આવતો અને આવીને બાલ્કનીમાં આંખો બંધ કરીને મોડે સુધી બેસતો. અને ત્યારે એ નશામાં હોય એવું સ્પષ્ટ દેખાઈ આવતું.

સંગમે ઘણા દિવસ એનું અવલોકન કર્યું. ધીમે-ધીમે "હાય-હલ્લો"થી શરૂ કરીને એણે એની સાથે નિકટતા કેળવી લીધી. એ જવાન હતો તો મહારાષ્ટ્રનો પણ થોડો સમય એને ગુજરાતમાં રહેવાનું થયું હતું. પણ દરરોજ સાંજ પડે એ ક્યાં જઈ આવતો એ પૂછતાં સંગમને હજી સંકોચ થતો હતો.

પણ એક દિવસ સંગમે હિંમત કરી નાખી, "પ્રદીપજી, આપને તો લિકરકી બહુત વેરાઈટી પી હોંગી." જવાબમાં પ્રદીપ ખડખડાટ હસ્યો, "યે આપસે કિસને કહા? મૈં કભી શરાબકો હાથ ભી નહીં લગાતા." સંગમ ઝંખવાઈ ગયો, "તો ફીર યે હર રોજ શામકો આપ બાહર જાતે હો..." પ્રદીપના ચહેરા ઉપર નિર્મળ શાંતિ હતી, "દોસ્ત, મૈંને અપને મા-બાપ બચપનમેં હી ખો દિયે થે. પર મેરા સપના થા કિ મુઝે ફૌજી બનકે દેશકી સેવા કરની હૈ. વો સપના પૂરા હો ગયા. પર મેરે માતા-પિતા અબ મુઝે કહાં મિલેંગે? ઈસ લિયે જિસ શહરમેં મેરી પોસ્ટિંગ હોતી હૈ વહાં મૈં વૃધ્ધાશ્રમ ઢૂંઢ લેતા હૂઁ ઔર ઉસકે પાસ હી મકાન કિરાયેપે લે લેતા હૂઁ. હરરોજ શામકો મૈં ઉસી વૃધ્ધાશ્રમમેં જાતા હૂઁ ઔર એક નહીં, કઈ મા-બાપ પાતા હૂઁ. જબ લૌટતા હૂઁ તો ઉનસે મિલનેકી ખુશી ઘંટો તક મેરે જહનસે નહીં જાતી." સંગમને સ્તબ્ધ જોઈને એ મુસ્કુરાયો, "માના કિ જિંદગીમેં હમેં જિનકી જરૂરત હોતી હૈ વો કઈ બાર હમસે બિછડ જાતેં હૈં. પર ઉનકે ગમમેં હમ ઉનકો ક્યૂઁ ભૂલ રહેં હૈં જિનકો હમારી જરૂરત હૈ? કભી ઉનસે ભી મિલીએ જિનકો ઉપરવાલેને આપકે ઈન્તેઝારમેં બિઠાકે રખા હૈ." સંગમના હવે શાંત થયેલા મનમાં પોતાના જ પ્રશ્નનો ઉત્તર પડઘાઈ રહ્યો, "આખિર ઈસ દર્દકી દવા યહી હૈ..."

# એક પળે લાગ્યું કે મારું દિલ તૂટી ગયું, ને હજી અંદર આ કંઈક ધબકે તો છે!



**નખરાળી જિંદગી**
નિયતી કાપડીયા

એક વાર એક છોકરાએ એક છોકરીને કહ્યું કે મિત્રતા એવી હોવી જોઈએ જ્યાં એકમેકથી કશું છુપાવવું ના પડે. તમે તમારા દિલની હર એક વાત બીજાને કહી શકો. ખાતરી હોય કે સામેવાળી વ્યક્તિ ફકત તમને સાંભળશે, જજ નહીં કરે.

છોકરી કહે, તારી વાત સરસ છે પણ ખરેખર આવું બની શકે? સામેવાળી વ્યક્તિ જો પૂતળું બનીને બેસી રહેવાની હોય, તમારી વાત સાંભળી કોઈ જ પ્રતિક્રિયા ના આપવાની હોય તો વાત કરવાનો મતલબ શું? છોકરો કહે, કોઈકને કહી દેવાથી દિલનો ભાર હલકો થઈ જાય. ઘણી વખત એવું બનતું હોય કે માણસને બસ કોઈ સાંભળનાર વ્યક્તિ જોઈતી હોય. એને વિશે કોઈ જાતની ધારણા બાંધ્યા વગર બસ એ જે કહે તે સાંભળી લે તેવી એક વ્યક્તિ.

છોકરીની સમજમાં હજી છોકરાની વાત ન હતી આવી છતાં એણે વિશ્વાસ મૂક્યો. છોકરાને ટેવ હતી બધું જ નાપી તોળીને કહેવાની જ્યારે છોકરી એની વાત કહેવી શરૂ કરે તો એનો અંત જ ના આવે. એને લાગતું હતું કે આખી દુનિયામાં આ છોકરો એક જ એવો માણસ છે જે એને સાચી રીતે સમજી શકે છે. એ છોકરી એના જીવનમાં બનતી બધી જ ઘટનાઓની આ છોકરા સાથે ચર્ચા કરતી. ક્યારેક એને લાગતું કે હું જેટલું મારા વિશે કહું છું એટલું એ પોતાને વિષે નથી કહેતો, એ હંમેશા અમુક વાતો ખૂબીથી ટાળી દે છે પણ એણે એ તરફ ધ્યાન ના આપ્યું.

પૂરા બે વરસ એમની દોસ્તી ટકી પછી એક નાનકડી વાતે એમની વચ્ચે મતભેદ થયો અને થોડીક બોલાચાલી થઈ. ચોંકવાનો વારો હવે છોકરીનો હતો... એ છોકરો એની જ ધૂનમાં બોલી રહ્યો હતો. છોકરીને તું આવી ને તું તેવી કહેતા એણે આગળ જે જે વાતો કહી હતી એમાંથી એ એની ભૂલો શોધી બતાવી રહ્યો હતો. છોકરી કેટલી મૂર્ખ છે એ છોકરાએ દલીલો વડે સાબિત કરી દેખાડ્યું અને છોકરી આ વાત સાથે તરત સહમત થઈ ગઈ. એને બિચારીને છેક હવે ખ્યાલ આવ્યો કે પોતાના મનના બધા જ તુક્કા જેની સાથે વહેંચી શકાય એવો મિત્ર આ ન હતો અને પોતે એને ઓળખી જ ના શકી.

આ વાત ફક્ત એક છોકરા કે છોકરી વચ્ચેની નથી. અહીં વાત આપણી આસપાસની એ દરેક વ્યક્તિની છે જેની આગળ આપણે આપણું મન ખોલી શકીએ છીએ. જે ખભા પર બે આંસુ સારી લેવાથી ભલે આપણું દુઃખ ના ચાલ્યું જતું હોય પણ એ દુઃખ સામે લડી લેવાની હિંમત, સાંત્વના મળી રહેતી હોય એ જ ખભો એક સવારે તમને જાકારો આપે ત્યારે. એક જ પળમાં જેને પોતાનું માન્યું હોય એ સાવ અજાણ્યું લાગે ત્યારે... યુરોપમાં હિટ વેવને કારણે છેલ્લા થોડાક મહિનામાં હજારો માણસો મરી ગયા. ત્યાંનું મહત્તમ તાપમાન બેતાલીસ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયેલું જે માનવ શરીરનાં તાપમાન કરતા ચારથી પાંચ ડિગ્રી વધારે છે. નિષ્ણાતોના કહેવા મુજબ ગરમીને લીધે માનવનું શરીર તો અકળામણ અનુભવે જ છે સાથે મગજ પણ સરખી રીતે કામ નથી કરી શકતું. જો ત્યાંના લોકોની બેતાલીસ ડિગ્રીમાં આ હાલત છે તો વિચારો ઉનાળાના દિવસોમાં આપણે ત્યાં તો ગરમીનો પારો પિસ્તાલીસ ડિગ્રી વટાવી ઉપર નીકળી જાય છે. મતલબ કે માનવ મગજ સરખી રીતે કામ કરી શકવા સક્ષમ જ નથી હોતું. આ વખતે કોઈ વાત પર બે વાર વિચાર કરવાનું કે એક જ વાતને અલગ અલગ ચાર પાંચ બાજુએથી જોઈ સમજી વિચારીને નિર્ણય લેવાનું કોઈ નથી કરી શકતું. આજ કારણ છે પ્રેમાળ સંબંધોમાં ઝડપથી કડવાશ ફેલાઈ જવાનું.

હિટ વેવ તમારા શરીરને જ નહીં તમારા મનને પણ હિટ કરી રહ્યાં છે. પારો ફક્ત ગરમીનો જ નહીં લાગણીનો પણ એના લેવલથી વધારે ને વધારે ઉપર જઈ રહ્યો છે. આ પારો એક હદથી વધારે ઉપર જાય એટલે થર્મોમીટર તોડીને બહાર નીકળી જાય, લાગણીનુંય એવું જ તે! હા એટલો ફરક ખરો કે થર્મોમીટર તૂટી ગયું એ નરી આંખે દેખાય છે, બધાને ખ્યાલ આવી જાય છે કે એને તૂટી જવા જેટલી ગરમી જોઈએ એનાથી વધારે ગરમી અપાઈ ગઈ. અફસોસ લાગણીના પારા માટે હજી કોઈ મેજરમેન્ટ નથી બન્યું. કેટલું કષ્ટ ભોગવી માણસ તૂટી જવાનો એ કોઈ નક્કી નથી કરી શકતું. કોઈક માણસ અંદરથી આખેઆખો તૂટી જાય તો પણ એની પાસે બેઠેલાને ખ્યાલ નથી આવતો કે બાજુમાં શું ચાલી રહ્યું છે.

ગરમીનો પારો નીચો લાવવા વૃક્ષારોપણ કરવું એ જ એક અકસીર ઈલાજ છે. વૃક્ષો એટલે છૂટા છવાયા બે ચાર ઝાડ નહીં પણ ઘીચ જંગલો ઊભા કરવા પડશે. અને આવા જંગલો કોણ ઊભા કરશે? એ જેમના દિલ તૂટી ગયા છે! એ બધા જ માનવીઓ, સ્ત્રીઓ, પુરુષો અને બાળકો, જેમને એમ લાગતું હોય કે એ અંદરથી તૂટી રહ્યા છે અને કોઈને એની સહેજે જાણ નથી રહી એમણે જ આ જંગલો ઊભા કરવા પડશે.

મારું છટકી નથી ગયું કે નથી હું તમને ખોટી સલાહ આપી રહી. તમારા મનમાં જો લાગણીનો ધોધ બીજા લોકો કરતાં વધારે ઉછાળા મારતો હોય તો એમાં વાંક તમારો જ છે, બીજા કોઈનો નહીં. ભગવાને જ તમને એવા ઘડ્યા છે અને હવે એનો કોઈ ઉકેલ નથી. તમે બસ એટલું કરી શકો કે એ લાગણીના પ્રવાહને એક યોગ્ય દિશા આપી એને સકારાત્મક ઊર્જામાં ફેરવી નાંખો. આ દુનિયાને ઉપયોગી થાય એવું કંઈ પણ તમે કરી શકો એમ હો તો એ કરવામાં જ તમારું મન લગાવી રાખો અને એ પણ કશું જ પાછું મેળવવાની અપેક્ષા વિના. તમને કશુંય ના આવડતું હોય તો ઉપર કહ્યું એમ વૃક્ષારોપણ કરો. તમારી લાગણીને સો બસો વૃક્ષોમાં વાવી દો પછી જુઓ ખાલી થઈ જવાની કેવી મજા છે.

માનવ માનવને પ્રેમ કરે ત્યારે એને એટલો જ પ્રેમ પાછો મળે એવી અપેક્ષા રાખે એ સ્વાભાવિક છે. સામાન્ય માણસો આવું જ વિચારે છે અને કરે છે. તમે જો એ સામાન્ય માણસોની કેટેગરીમાં નથી આવતા તો જોઈ લેજો તમારી અંદર જે પ્રેમનો ધોધ વહી રહ્યો છે એ તમને ક્યાંય જંપવા નહીં દે. તમે ગમ્મે એટલા પ્રયત્નો કરી લો તોય સામાન્ય માણસો તમને તમે જેટલો પ્રેમ એમને આપો છો એના ત્રીસેક ટકા પણ પાછો નહીં આપે શકે. આ એમની મજબૂરી છે. આવા સમયે દુઃખી થઈ, ગરમી વધી જતાં પારો કાબૂ બહાર જઈ તોડફોડ પર ઉતરી આવે છે એવું કરવાની જરાય જરૂર નથી. ભગવાને તમને નોખા ઘડ્યા છે તો કાંઈક નોખું કામ કરી દેખાડો. આ જ એક રસ્તો છે ફરીથી લાગણીના પારાને એની મુળ સ્થિતિ પર લાવી મૂકવાનો!

શું વિચારી રહ્યાં છો? હજી વરસાદની મૌસમ ચાલું છે. તમારી લાગણીના બીજનું વૃક્ષ રૂપે વાવેતર કરો અને આખી દુનિયાને ફરી હરિયાળી કરી મેલો...

**અમસ્તું,**

આ દુનિયામાં બે જ એવી જગ્યા છે જ્યાં મન લગાડવાથી સદા કલ્યાણ જ થાય છે, એક ઈશ્વર અને બીજું તમારું ગમતું કામ!

@KapadiaNiyati